

## મહાદેવજી સમક્ષ નત મસ્તક મંત્રીજી..!!

શહેરમાં પવિત્ર શ્રાવણ માસમાં ખાસ કરીને સોમવારે ભાવિકોની ભારે ભીડ મહાદેવજીના મંદિરોમાં ઉમટતી હોય છે. આ વર્ષે કોરોના મહામારીના કારણે ભક્તોની સંખ્યા મર્યાદિત રહી છે પરંતુ શહેરના વિવિધ શિવાલયોમાં શ્રાવણના છેલ્લા સોમવારે શિવજીની વિશેષ પૂજા-અર્ચના કરાઈ હતી અને શિવલિંગને ફુલોથી સજાવાયા હતા. જ્યારે બીજી તસવીરમાં ભગવાન ભોળાનાથની આરાધનાનો પાવન શ્રાવણ માસ તેના અંતિમ ચરણમાં પહોંચી ચુક્યો છે. આ માસના છેલ્લા સોમવારે શહેરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિર ખાતે શ્રદ્ધાળુઓ મહાદેવજી સમક્ષ મસ્તક નમાવવા આવી પહોંચ્યા હતા જેમાં રાજ્યના શિક્ષણ અને કાયદા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો પણ સમાવેશ થાય છે. કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સોશિયલ ડિસ્ટન્સ સાથે સામાન્ય ભક્તોની જેમ લાઈનમાં ઉભા રહી પોતાનો નંબર આવ્યા બાદ તેમણે પ્રભુના ચરણોમાં શિશ ઝુકાવ્યુ હતુ અને ત્રીજી તસવીરમાં પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે શ્રદ્ધાળુઓએ ભગવાન ભોળાનાથને રીઝવવા કોઈ કસર છોડી નહોતી. ગાંધીનગરના સેકટર-૧૩-સીમાં ભાવિકોએ છેલ્લા સોમવાર નિમિત્તે મહાદેવજીની ૧૦૮ દીવાની આરતી ઉતારી હતી.



પવિત્ર શ્રાવણ માસના સમાપન પછી તરત જ ગણેશોત્સવના દુદુંભિ વાગવા લાગે છે અને દુંદાળા દેવના આગમનની શહેરમાં અબાલવૃદ્ધ સૌ કોઈ રાહ જોઈને બેઠા હોય છે. આ વર્ષે કોરોના મહામારીના કારણે જાહેર ગણેશ ઉત્સવો પર તો સરકારે રોક લગાવી છે પરંતુ શ્રદ્ધાળુઓ પોતાના ઘરે ગણેશજીની સ્થાપના કરી શકશે, જોકે તેમણે ગણેશજીનું વિસર્જન પણ ઘરે જ કરવાનું રહેશે. આ કારણે શહેરમાં ગણેશજીની માટીની મૂર્તિની ડિમાન્ડ ખૂબ વધી જવા પામી છે. આ સ્થિતિ જોઈને અમદાવાદમાં ગણેશની મૂર્તિઓ માટે પ્રસિદ્ધ રામનગરના કલાકારો હવે ગાંધીનગરમાં પણ આવી પહોંચ્યા છે.

# શહેરી વિસ્તારના ૭ ગામોમાં મિલ્કત અંગે સ્પષ્ટતા કરી પ્રોપર્ટી કાર્ડ આપવા રજુઆત

### દબાણ દુર કરવામાં ઉત્સુકતંત્ર સ્થાનિક ગ્રામજનોના પ્રશ્નો પણ ઝડપથી દુર કરે તે માટે શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ સાત ગામોના ખેડુતોની જમીન પર નગર ઉભુ છે ત્યારે આ અસરગ્રસ્તોની મિલ્કત અંગે સ્પષ્ટતા કરી તેમને પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવે તેવી પણ માંગણી પ્રબળ બની છે. જયારે આ ગામોમાં રહેણાંકની કોઈ યોજના મુકી તેમની નવી પેઢીની સમસ્યા ઉકેલવા માટે પણ નવતર આયોજન અનિવાર્ય હોવાનુ શહેર વસાહત મહામંડળે જણાંવ્યુ છે.

શહેર વસાહત મહામંડળા પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગાંધીનગરમાં સાડા ચાર દાયકાના લાંબા સમય બાદ પણ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ અસરગ્રસ્તના પ્રશ્નો હલ થતા નથી. આ ગામોના રહીશો માટે મિલ્કત અંગેની સ્પષ્ટતા હજુ થઈ નથી. તેમની વડીલોપાર્જિત મિલ્કત પણ તેમના નામે થઈ શકતી નથી.તેમને કોઈ યોજનાનો લાભ પણ મળતો નથી. એટલુ જ નહીં બેંક લોન, જમીનખત વગેરે દસ્તાવેજી પુરાવાઓમાં પણ મિલ્કતમાં કબજેદારોનો ઉલ્લેખ કરવામાં આવતો હોવાથી લાભથી વંચિત રહે છે. ત્યારે મિલ્કત વેરાના મામલે પણ આવા ગામોને તેમાંથી બાકાત રાખી પ્રશ્નોનો ઉકેલ લાવવો જોઈએ. અસરગ્રસ્ત મહામંડળ વતી ચંદુજી ઠાકોર, ગૌતમ પરમાર, માનસિંગ રમતુજી, નિલેશ ગાંધી સહીતના નાગિરકોએ પણ અનેકવાર રજુઆત કરી છે. આ મામલે મિલ્કત અંગે સ્પષ્ટતા કરી તેમને પ્રોપર્ટી કાર્ડ આપવામા આવે તેમ પણ રજુઆત માં જણાંવાયુ છે. જયારે આ અસરગ્રસ્તોની નવી પેઢીના રહેણાંકના પ્રશ્નો ઉકેલવા માટે પણ યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. ત્યારે દબાણ દુર કરવાની સાથે તેમના મુળ પ્રશ્નો ઉકેલાય તે પણ અનિવાર્ય હોવાનુ પણ જણાંવ્યુ છે.

## ખૂણેખાંચરેથી

- પૂર્વ સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા આજે જિલ્લા પંચાયતની મુલાકાતે આવ્યા હતા.
- જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જિલ્લાની જનતાને સાતમી આર્થિક ગણતરીના કાર્યમાં સહયોગ આપવા અપીલ કરી છે.
- ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસની કારોબારી સમિતિની આજે બેઠક મળી હતી. જેમાં રાજ્યના પ્રભારી સીતારામ લામ્બા, જિલ્લા પ્રભારી કરણસિંહ તોમર સહિત જિલ્લા યુથ કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા અને આનંદપુરા (સોલૈયા) પંચાયતની મુદત પુરી થતાં ત્યાં વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં વરસાદ હળવો થતાં વાતાવરણમાં બદલાવ થોડોક આવ્યો છે પરંતુ બફારો ઓછો નથી થયો.
- આજે શ્રાવણ માસના અંતિમ સોમવારે શિવાલયોમાં છુટા છુટા ભક્તો દર્શન કરવા જતા નજરે પડતા હતા.

# કચ્છના મૂંદ્રા તાલુકાની બે ગામ પંચાયતોને મળ્યો એક દરજ્જો

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોમાં પણ નગર સુખાકારીના કામોને અગ્રતા આપતો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ તદઅનુસાર કચ્છ જિલ્લાના મૂંદ્રા તાલુકાની બે ગ્રામ પંચાયતો મુંદરા ગ્રામ પંચાયત અને બારોઈ જૂથ ગ્રામ પંચાયત મળીને એક સંયુકત નગરપાલિકાનો દરજ્જો આપવાનો નિર્ણય લીધો છે. કચ્છના મૂંદ્રા તાલુકાની મુંદરા ગ્રામ પંચાયતની અંદાજે ૩૫ હજારની જનસંખ્યા તેમજ બારોઈ જૂથ ગ્રામ પંચાયતની ૨૫ હજાર જેટલી વસ્તી મળી કુલ ૬૦ હજાર જેટલા ગ્રામીણ નાગરિકોને રોડ, રસ્તા, ગટર વ્યવસ્થા, લાઈટ સહિતની સુવિધાઓ આ સંયુકત નગરપાલિકા બનતાં ત્વરાએ મળતી થશે. વિજય રુપાણીએ અન્ય એક નિર્ણય કરીને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટી જનભાગીદારીના કામો અન્વયે અમદાવાદ જિલ્લાની સાણંદ નગરપાલિકા વિસ્તારની ૨૧ જેટલી ખાનગી સોસાયટીઓમાં સીસી રોડના ૨ કરોડના કામોને પણ મંજૂરી આપી છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખાનગી સોસાયટીઓમાં તેમજ અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધા વૃદ્ધિના કામો હાથ ધરવામાં આવે છે. આ યોજનામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રોપર્ટી ટેક્ષ ભરતી હોય તેવી તમામ ખાનગી સોસાયટીઓ, હાઉસીંગ બોર્ડ વસાહતો અને ફલેટ રહેણાંક વિસ્તારમાં સુખ-સુવિધા અને સ્વચ્છતાના કામો આવરી લેવાય છે. આવા રહેણાંક વિસ્તારોમાં આંતરિક રસ્તાઓ ઉપર ડામરનું પેવિંગ કામ, પથ્થર પેવિંગ, રોડ રિસરફેસીંગ તેમજ સીમેન્ટ કોક્રીટના રોડના કામો ઉપરાંત જરૂરિયાતપ્રમાણેસ્ટ્રીટ લાઈટ અને પાણીની પાઈપલાઇન જેવા કામો મંજૂર કરી શકાય છે. આવા કામો માટે ૭૦ ટકા ફાળો રાજ્ય સરકાર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આપે છે.



જલિયાણ સેવા ગ્રુપ દ્વારા પ.પૂ. જલારામ બાપાની પ્રસાદી રૂપે ડ્રાયફ્રુટસ, ચોકલેટ, બિસ્કીટ, ચોકોફલેકસનું વિતરણ અરજણપુરાના બાળકોને કરવામાં આવ્યું હતું.




## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ ખાતે ધ્વજવંદન

ગાંધીનગરના સે. ૨૨ ખાતેના જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સ્વતંત્રતા દિવસની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ, પ્રદેશ મહામંત્રી બાબુસિંહ ઠાકોર, મનપાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા સહિત અગ્રણી હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ગીફટ સીટી ઉચાપત કેસમાં શેરબજારમાં રૂપિયા ગુમાવ્યા હોવાનું આરોપીનું રટણ

ગાંધીનગર,તા.૧૭

ગાંધીનગર નજીક આવેલી ગીફટસીટી સ્થિત એનએસઆઈ ઈન્ફીનિયમ ગ્લોબલ લિમિટેડ કંપનીમાં થયેલી રૂ.૮.૫૬ કરોડની ઉચાપત કેસમં પોલીસે આરોપીની ધરપકડ કરી છે. કંપનીમાં એકાઉન્ટ હેડ તરીકે કામ કરતા ચિંતન વ્યાસે પરિવારના સભ્યોના એકાઉન્ટમાં કંપનીના રૂપીયા જમા કરાવી દીધા હતા.ચિંતને વ્યાસે કંપનીમાંથી નોકરી છોડી દીધા પછી વેન્ડરોએ પૈસાની ઉઘરાણી કરતા આ સમગ્ર બનાવ સામે આવ્યો હતો. આ કેસમાં ચિંતન વ્યાસ અને પરિવારના સભ્યો સહિત ચાર સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ત્યારે પોલીસે ચિંતન વ્યાસને પકડી પાડ્યો છે. પોલીસે ચિંતનને કોર્ટમાં રજુ કરતા આરોપીના રિમાન્ડ મંજુર થયા હતા. જયારે પોલીસે કંપનીના કરોડો રૂપીયા ચાઉં કરી જનાર આરોપીને રૂપીયા અંગે પુછતાછ કરતા આરોપી પોલીસને ઉચાપતના રૂપીયા શેર બજારમાં ગુમાવી દીધી હોવાનું જણાવી રહ્યો છે. પરંતુ પોલીસ તંત્ર દ્વારા હાલ તપાસ ચાલી રહી છે કે રૂપીયાનું કયાંક રોકાણ કર્યું છે કે સંતાડી દીધા છે કે પછી તે કહી રહ્યો છે તેમ શેરબજારમાં રૂપીયા ગુમાવી દીધા છે. ડભોડા પોલીસે હાલ આરોપીની આગળની તપાસ હાથ ધરી છે.

# ચોરીના પાંચ બાઈક સાથે બે શખ્સોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના ખડાત ગામે રહેતા બે યુવકોને મહેસાણા જિલ્લાના વડનગર, વિસનગર, અને વિજાપુર ખાતેથી ચોરી કરી હતી. આ ચોરી કરેલા બાઈક પોતાના ઘરે સંતાડી રાખેલા કુલ-૫ બાઈક કિ.૧ લાખ સાથે પકડી પાડી વાહન ચોરીના ૫ ગુનાઓ ગાંધીનગર એલસીબી પોલીસે ઉકેલી નાંખ્યા છે.

માણસા તાલુકાના ખડાત ગામે રહેતા બે શખ્સોને એલસીબી પોલીસે ચોરીના ૫ વાહન સાથે પકડી પાડ્યા છે. એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી. તે સમયે એએસઆઈ હજારીસિંહ અને ભવાનસિંહને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે નવા ખેડાત અંબાજીપુરા ખાતે રહેતા ટીનુ સિંહ ઉર્ફે ટબ્બુ બાલુસિંહ રાઠોડ તેમજ તેના સાગરીત સંજય ગાંડાભાઈ રાવળ બંનેને પકડી પાડ્યા હતા.ટીનુસિંહના ઘરેથી ચોરીના ૫ બાઈક મળી આવ્યા હતા.

પાંચ બાઈક તેમણે મહેસાણા, જિલ્લાના વડનગર, વિસનગર અને વિજાપુર ખાતેથી ચોરી કર્યા હતા. ચોર ઈસમોએ ૧૦ દિવસ પહેલા વિસનગર ડેપો પાસેથી સ્પ્લેન્ડર બાઈક, સાત માસ પહેલા પેશન, છ માસ પહેલા વડનગર હાટકેશ્વર મંદિર ભરાયેલા શિવરાત્રીના મેળામાંથી સીડી ડોન બાઈક તેમજ વિજાપુર ટીબી માર્ગ પરથી આવેલા સંસ્કૃત કોમ્પ્લેક્ષ આગળથી ચાર વર્ષ પહેલા હોન્ડા પેશન પ્રો બાઈક તેમજ ૨૫ દિવસ પહેલા સ્પ્લેન્ડર બાઈક ચોરી કરી હતી.

# ગણેશ ચતુર્થી માટે અમદાવાદ અને વડોદરાથી વિશેષ ૧૨ ટ્રેન

### ગુજરાતમાં વસતા કોંકણ પ્રદેશ પરિવાર માટે સુવિધા : કોવિડ-૧૯ની માર્ગદર્શિકા-સૂચનાઓના ચુસ્તપણે પાલન સાથે વિશેષ ટ્રેનની આવન તેમજ જાવન કરવા દેવાશે

ગાંધીનગર,તા.૧૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગણેશ ચુતુર્થીનો તહેવાર ગુજરાતમાં વસતા કોંકણ પ્રદેશના પરિવારો-લોકો પોતાના વતનમાં પરિવાર સાથે મનાવી શકે તેવા હેતુસર અમદાવાદ અને વડોદરાથી ૧૨ વિશેષ ટ્રેન ચલાવવાની મંજૂરી આપી છે. પ્રવર્તમાન કોરોના કોવિડ-૧૯ વાયરસ સંક્રમણની સ્થિતીમાં સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના નિયમો-માર્ગદર્શીકાઓના ચુસ્તપણે અનુપાલન સાથે આ ટ્રેનમાં મુસાફરીની અનૂમતિ અપાશે. મુખ્યમંત્રી સમક્ષ પશ્ચિમ રેલ્વે મુંબઈ દ્વારા કોંકણ પ્રદેશના મુસાફરો માટે ગણેશ ચતુર્થીના તહેવાર દરમ્યાન ખાસ ટ્રેન ચલાવવાની કરેલી માંગણીનો શ્રી વિજયભાઈ રૂપાણીએ સાનુકૂળ પ્રતિસાદ આપ્યો છે. ગુજરાતમાં વસતા કોંકણ પ્રદેશના પરિવારો ગણેશ ચતુર્થીનો ઉત્સવ પોતાના વતનમાં જઈને મનાવી શકે તે માટે તા.૧૮ ઓગસ્ટથી આ વિશેષ ટ્રેન સેવાઓ શરૂ કરવામાં આવશે જે ૩૧ ઓગસ્ટ સુધી ચાલુ રખાશે. આ વિશેષ ટ્રેનની જે ૧૨ ટ્રીપને મંજૂરી આપવામાં આવી છે તેમાં તા.૧૮ ઓગસ્ટ અને તા.૨૫ ઓગસ્ટે અમદાવાદથી કુડલ માટે, તા.૨૧ ઓગસ્ટ અને તા.૨૮ ઓગસ્ટે અમદાવાદથી સાવંતવાડી માટે તેમજ તા.૨૩ ઓગસ્ટ અને તા.૩૦ ઓગસ્ટે વડોદરાથી રત્નાગીરી માટે ટ્રેન દોડાવવામાં આવશે. વળતી મુસાફરીમાં આ વિશેષ ટ્રેન તા.૧૯ અને તા.૨૬ ઓગસ્ટે કુડલથી અમદાવાદ. તા.૨૨ અને તા.૨૯ ઓગસ્ટે સાવંતવાડીથી અમદાવાદ અને તા. ૨૪ તેમજ તા.૩૧ ઓગસ્ટે રત્નાગીરીથી વડોદરા આવશે.

# સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા ૨૦૨૦માં ભાગ લેવા સર્જકોને આમંત્રણ

ગાંધીનગર, તા.૧૭

અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે 'સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા ૨૦૨૦'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વાર્તા, બાળવાર્તા અને કવિતા મોકલવાનું આમંત્રણ છે. શ્રેષ્ઠ કૃતિને રૂ. ૫ હજારનું રોકડ પારિતોષિક આપવામાં આવશે. આ સ્પર્ધા ગુજરાતીમાં લખતા દરેક સર્જક માટે ખુલ્લી સ્પર્ધા છે જેની છેલ્લી તારીખ ૩૧મી ઓગષ્ટ ૨૦૨૦ છે.

સ્મિતા પારેખ સાહિત્ય લેખન સ્પર્ધા ૨૦૨૦માં કૃતિની મહત્તમ શબ્દ મર્યાદા વાર્તા માટે ૨ હજાર શબ્દોની, બાળવાર્તા માટે ૧૫૦૦ શબ્દોની અને કવિતા માટે વધુમાં વધુ ૧૪ લીટીની છે. કૃતિને શિર્ષક આપવું જરુરી છે તેમજ કૃતિ પર લેખકે પોતાનું નામ લખવું નહીં, નામ લખનારની કૃતિ અમાન્ય ગણાશે. કૃતિનું શિર્ષક, સર્જકનું નામ, સરનામું, સંપર્ક નંબર વગેરે અલાયદા કાગળ પર લખવું, સ્પર્ધકે પોતાની કૃતિની બે નકલ મોકલવી ફરજિયાત છે. ટાઈપ કરીને અથવા ફુલ સ્કેપ કાગળમાં સુવાચ્ય અક્ષરે લખી તા. ૩૧મી ઓગષ્ટ પહેલાં અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા, શાલીભદ્ર કોમ્પ્લેક્ષ, કાદરશાની નાળ, ટીમલિયાવાડ, નાનપુરા, સુરત ૩૯૫૦૦૧, ફોન નં. ૦૨૬૧-૨૪૭૦૪૧૩ના સરનામે મોકલવાની રહેશે. કૃતિ સ્વરચિત તેમજ અપ્રગટ હશે તો જ માન્ય ગણાશે.



## સીમા સુરક્ષા દળ દ્વારા સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો

ગાંધીનગર ચિલોડા રોડ પરના સીમા સુરક્ષા દળ ખાતે ગુજરાત ફ્રન્ટિયર એકમનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહાનિરિક્ષક જી.એસ. મલિકના હસ્તે ધ્વજવંદન કરાયુ હતુ તેમજ ''ફિટ ઈન્ડિયા' અભિયાન અંતર્ગત ૧૦ કિમીની પદયાત્રા પણ યોજવામાં આવી હતી.